સુવિચાર : ગિરના ભી તો અચ્છા હૈ, ઔકાત કા પતા ચલતા હૈ, બઢતે હૈ જબ હાથ; લોગો કે ઉઠાને કે લીયે તબ અપનો કા પતા ચલતા હૈ - તાહીર ફરાઝ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૫ | ૫ મે, ૨૦૧૫, મંગળવાર ; વૈશાખ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# ઝુંડાલ નર્સિંગ કોલેજની ૨૧ વિદ્યાર્થીનીઓને ફુડપોઈઝનીંગ

## જિલ્લામાં પાણીજન્ય રોગચાળો વકરી રહ્યો છે : પ્રાંતિયા પંથકમાં કોલેરાનો શંકાસ્પદ કેસ પણ મળ્યો હતો : અખાદ્ય ચીજોના વેપલાને નાથવા તંત્ર કડક હાથે કાર્યવાહી કરે તેવી લોકલાગણી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર તાલુકાના ઝુંડાલ ગામે આવેલ નર્સીંગ કોલેજની ૨૧ જેટલી બાળાઓને આજે ફુડપોઈઝનીંગની અસરો થતાં સારવાર માટે ચાંદખેડા નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીને શનિવારે છોલેપુરી અને દુધીનો હલવો પીરસવામાં આવ્યો હતો. ગઈકાલે વિદ્યાર્થીઓની તબિયત બગડતાં તેમને શ્રીજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાંથી આજે ૧૩ વિદ્યાર્થીઓને રજા આપવામાં આવી છે જયારે ૮ વિદ્યાર્થીઓ હજુ સારવાર હેઠળ છે.

આજે આ બનાવની જાણ થતાં આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું હતુ અને ડીસ્ટ્રીકટ સેનેટરી ઈન્સ્પેકટરની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી.

આ ટીમે છેલ્લી સ્થિતિ અંગે આજે જિલ્લા તંત્રનું ધ્યાન દોર્યું હતું.

દરમિયાન જિલ્લામાં ઝાડા ઉલ્ટીના છુટા છવાયા બનાવોની સંખ્યામાં રોજે રોજ વધારો થઈ રહ્યો છે. જોકે તંત્ર સમગ્ર તયા પાણીજન્ય રોગચાળા માટે ગંભીર નથી અથવા પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવા અંગેના પોકળ દાવા કરવામાં વ્યસ્ત છે.

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા વિસ્તારમાં પણ ગત સપ્તાહે એક કોલેરાનો શંકાસ્પદ કેસ મળ્યો હતો. જો કે તંત્રને આ બાબતે પૃચ્છા કરતાં જાણવા મળ્યું હતું કે કલ્ચર રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં પીવાના પાણીની ગુણવત્તા સામે પાણી પુરવઠા વિભાગ જ પ્રશ્નાર્થોનો સામનો કરી રહેલ છે ત્યારે આરોગ્ય તંત્ર સબ સલામતના દાવા કરી રહ્યું છે તે લોકોના ગળે ઉતરતું નથી. ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પારો છેલ્લા એક સપ્તાહથી ૪૨થી વધુ દર્શાવે છે ત્યારે તંત્ર પાણીજન્ય રોગચાળા સહિતના અન્ય કેસો માટે ગંભીર બને તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

જિલ્લામાં અખાદ્ય ચીજોનો વેપલો જે ધમાકેદાર રીતે ચાલી રહ્યો છે ત્યારે તંત્ર સમગ્રતયા કાર્યવાહી કરે તેમ પણ લોકો ઈચ્છી રહ્યા છે.



ફુવારો - ગાંધીનગરમાં ફુવારાનો મહિમા મોટો છે... વર્ષોથી ચ-૫નો ફુવારો ગરમીના દિવસો માટે નગરના મેળાનું સ્થાન બને છે... ફૂટપાથ પર બેસી ફુવારાની ઠંડકમાં બરફનો ગોળો ખાતા-ખાતા ગરમીમાં મસ્તીનો માહોલ સર્જવાની ગાંધીનગરના નગરજનોની અનોખી રીતભાત છે... શહેરમાં અનેક ફુવારાઓ વિકસાવાયા... અદ્યતન ફુવારા વિકસાવાયા... પરંતુ નગરના ઈતિહાસ સાથે ચ-૫નો ફુવારો ઓતપ્રોત છે... સૌથી પહેલો આ ઐતિહાસિક ફુવારો નગરના જનજીવનમાં લાડકું સ્થાન ધરાવે છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# ભાજપના પ્રદેશ સંગઠનમાં ફેરફારો

## ૧ ઉપપ્રમુખ, ૩ મહામંત્રી અને ૧ પ્રદેશ મંત્રી બદલાયા : જસવંતસિંહ ભાભોર ઉપપ્રમુખપદે તો ઉત્તર ઝોનના મહાસંપર્ક અભિયાનના ઈન્ચાર્જ તરીકે જયસિંહ ચૌહાણ

ગાંધીનગર, તા.૪

ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠ્ઠનમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. રાજય સરકારના પૂર્વ મંત્રીશ્રી જસવંતસિંહ ભાભોરને ઉપપ્રમુખ બનાવવામાં આવ્યા છે તેમજ ત્રણ નવા મહામંત્રીઓ નિયુકત કરવામાં આવ્યા છે.

પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ આજે આ ઘોષણા કરતાં જણાવ્યું હતું કે પદાધિકારીઓની અન્ય જવાબદારીઓના પગલે આ ફેરફાર કરવામાં આવ્યા છે.

પક્ષના મહામંત્રી તરીકે વડોદરાના શબ્દશરણ બ્રહ્મભટ્ટ, સાંસદ મનસુખભાઈ માંડવિયા તથા ગાંધીનગરના પ્રભારી અને સંગઠ્ઠક તરીકે જાણીતા શ્રી કે.સી. પટેલની નિયુકતી કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું છે કે પ્રદેશ મંત્રી તરીકે સંસદ સભ્ય શ્રી રાજેશ ચુડાસમાની પણ વરણી કરવામાં આવી છે.

આ ઉપરાંત પક્ષ દ્વારા હાથ ધરાયેલ મહાસંપર્ક અભિયાનની જવાબદારી ઉત્તર ઝોનમાં શ્રી જયસિંહ ચૌહાણ (પૂર્વ મંત્રી)ને

● અનુસંધાન પાન-૭ પર



બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ - બુદ્ધપૂર્ણિમાના પાવન પર્વે ભાવિકોએ ભગવાન બુદ્ધની પ્રતિમા પૂજન-અર્ચન કરી ભાવના વ્યક્ત કરી હતી.

# રાજ્યભરમાં કાળઝાળ ગરમી

## હિટવેવની ચેતવણી જારી કરાતા ચિંતાનું મોજું : અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૪, ઈડરમાં સૌથી વધુ ૪૩.૮ ડિગ્રી નોંધાયું : જનજીવનને થયેલી માઠી અસર

અમદાવાદ,તા. ૪

હિટવેવની ચેતવણી વચ્ચે ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યભરમાં તીવ્ર ગરમીનું મોજું ફરી વળ્યું છે. પારો ૪૨ અને ૪૩ની વચ્ચે જોવા મળી રહ્યો છે. અમદાવાદમાં બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોને થઈ રહ્યો છે. જેના પરિણામ સ્વરૂપે હવે તંત્ર દ્વારા પણ સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. ગરમીથી બચવા માટે ૧૦૮ દ્વારા પણ જુદા-જુદા સુચનો જારી કરાયા છે. જેના પરિણામ સ્વરૂપે સાવચેતી રાખવાની જરૂર ઉભી થઈ છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન આંશિક ઘટીને ૪૨.૪ રહ્યું હતું, જે ગઈકાલે ૪૨.૬ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં સૌથી વધારે ગરમીનો અનુભવ આજે ઈડરમાં થયો હતો, જ્યાં મહત્તમ તાપમાન ૪૩.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. ૪૩થી વધુ તાપમાન અમરેલીમાં પણ નોંધાયું હતું. અમરેલીમાં પારો ૪૩.૩ સુધી પહોંચ્યો હતો. ગરમીના પરિણામ સ્વરૂપે બેભાન થવાના અને ઝાડા ઉલ્ટી, છાતીમાં દુઃખાવો અને અન્ય ગરમી સંબંધિત ઈમરજન્સીના બનાવો પણ નોંધાયા હતા. ઉલ્ટીઓ થવાના બનાવ ત્રીજી મે સુધી ગુજરાતમાં ૨૦૯ અને અમદાવાદમાં ૩૭ બનાવો ઈમરજન્સીમાં નોંધાયા છે. જ્યારે બેભાન થવાના બનાવ ગુજરાતમાં ૪૩૫ અને અમદાવાદમાં ૧૦૬ જેટલા નોંધાયા છે. લુ લાગવાના સંકેત દેખાય તો તરત જ ૧૦૮ને મદદ કરવા માટે કોલ કરવાનું કહેવાયું છે. જે વ્યક્તિને લુ લાગે તે વ્યક્તિને ઠંડા વાતાવરણમાં રાખવાની સલાહ આપવામાં આવી છે. તીવ્ર ગરમીના માહોલ વચ્ચે રસ્તાઓ સુમસામ બની ગયા છે. જનજીવનને પણ માઠી અસર થઈ છે. પાટનગર ગાંધીનગરમાં આજે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગઈકાલે ૪૨.૬ ડિગ્રી તાપમાન રહ્યું હતું.હિટવેવની ચેતવણી પણ હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી છે. ગુજરાતના જુદા જુદા ભાગોમાં હિટવેવને લઈને ચિંતા પ્રવર્તી રહી છે. આજે કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. અમદાવાદ માટે સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે પારો ૪૩ ડિગ્રી રહી શકે છે. પારો યથવત રહેતા ફુડ પોઈઝિનિંગ ઉપર પેટમાં દુખાવો, ઝાડા ઉલ્ટીના બનાવોમાં એકાએક વધારો થઈ ગયો છે.

### ગુરૂવાર સુધીમાં રાજ્યમાં તાપમાન ૪૭ ડિગ્રીએ પહોંચી શકે છે

ઉત્તર-પશ્ચિમ પવનનું જોર વધતા અને એ પવનો નીચેની સપાટી પર આવતા નવા હીટવેવની શરૂઆત થઈ ચુકી છે. હીટવેવની અસર વધતા જ પારો ૦.૫ ડિગ્રીથી ૨ ડિગ્રી જેટલો વધી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર સમગ્ર સપ્તાહ દરમ્યાન હીટવેવની અસર યથાવત રહેશે. જેને કારણે ગુજરાતનુ તાપમાન ચારેક દિવસમાં જ ૪૭ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે.



દુકાન ભાડે આપવાની છે
સિદ્ધરાજ ઝોરી, ખ-૦, ફર્સ્ટ ફલોર -122 No., Size 551 Sq ft.
Mo. 7567271590

જોઈએ છે
જુના કલર ટી.વી. ૧૪'', ૨૦'' અને ૨૧'' બાંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬




